| | | |
|---|---|---|
| **GJSR120048042025** | | **Criminal Case no. 2596/2025**<br>**સરકાર**<br>**વિ.**<br>**હિતેશભાઇ વલ્લભભાઇ સોલંકી** |

***ફોર્મ - A***

| **કઠોરના મે. જ્યુડીશીયલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મું.કઠોર** | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ: | 20.04.2026 | |
| ક્રિમીનલ કેસ નં. | **2596/2025** | **આંક:** |
| **ગુનાની વિગત** | | |
| એફ.આઈ.આર.ની વિગત | કામરેજ પોલીસ સ્ટેશન, એફ. આઈ. આર. નં.11214020251077/2025, તારીખ: 07/04/2025 | |
| ગુનો (કલમ) | ભારતીય ન્યાય સંહિતાની કલમ 118(1), 118(2), 351(3) મુજબ. | |
| **ફરિયાદી** | **શ્રી સરકાર** | |
| ફરિયાદ પક્ષે રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી. પી. બી. સથવારા | |
| ***વિરુદ્ધ*** | | |
| **આરોપી** | **1. હિતેશભાઇ વલ્લભભાઇ સોલંકી**<br>રહે. દેલોડગામ, શિવનગર-૧, માહ્યાવંશી ફળિયું, તા.કામરેજ, જી.સુરત. | |
| આરોપી પક્ષે રજૂઆત | વિ. વ. શ્રી. આર.ડી.સોનકર | |

***ફોર્મ - B***

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ: | 06/04/2025 |
| એફ.આઈ.આર. તારીખ: | 07/04/2025 |
| ચાર્જશીટ દાખલ તારીખ: | **22/08/2025** |
| પ્લી રેકર્ડ કર્યા તારીખ: | 12/11/2025 |
| પુરાવો ચાલુ થયા તારીખ: | 16/12/2025 |
| જજમેન્ટ માટે રાખ્યા તારીખ: | 09/04/2026 |
| જજમેન્ટની તારીખ: | **20/04/2026** |
| સજા હુકમની તારીખ (જો લાગુ પડે | — |

| | | | |
|---|---|---|---|
| તો): | | | |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | 00 | 07 | 29 |

**આરોપીઓની વિગત**

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીર વાન/ નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી.આર.પી.સી .ની કલમ 428 મુજબ કસ્ટડીમાં વિતાવેલો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | હિતેશભાઇ વલ્લભભાઇ સોલંકી | 29/04 /2025 | 29/04/ 2025 | ભારતીય ન્યાય સંહિતાની કલમ 118(1),118(2) ,351(3) મુજબ. | નિર્દોષ | — | — |

***ફોર્મ - C***

**1. ફરિયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તરફે સાહેદ યાદી:**

**a. ફરિયાદ પક્ષે -**

| **અનુ. નં.** | **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| PW 1 | 07 | ખુશાલભાઇ ગોવિંદભાઇ સોલંકી | ફરિયાદી |
| PW 2 | 12 | નયનાબેન ધર્મેશભાઇ પરમાર | સાહેદ |
| PW 3 | 13 | પાર્વતીબેન ખુશાલભાઇ સોલંકી | સાહેદ |

**2. ફરિયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટના આંકની યાદી:**

**a. ફરિયાદ પક્ષે -**

| **અનુ. નં.** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| 1 | 08 | અસલ ફરિયાદ |
| 2 | 09 | આરોપીનું શરીરસ્થિતિનું પંચનામું |
| 3 | 10 | મેડીકલ સર્ટીફીકેટ |
| 4 | 11 | અસલ ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 5 | 14 | મુદામાલ મળ્યા અંગેની પહોંચ |
| 6 | 15 | એફ.એસ.એલ. રીપોર્ટ |

## // ચુ કા દો //

**1. <u>ફરિયાદની હકીકતનું ટુંકમાં વર્ણન:</u>**

સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૬/૦૪/૨૦૨૫ ના કલાક- ૧૯/૦૦ વાગ્યા દરમ્યાન મૌજે દેલાડગામ શિવનગર -૧ માહ્યાવંશી ફળિયુ ફરિયાદીના ઘરેની આગળ તા. કામરેજ જી.સુરત ખાતે આ કામના ફરિયાદીના ઘરની બાજુમા રહેતા વનિતાબેન હિતેષભાઇ સોલંકી ના છોકરાઓ દડે (બોલ) રમતા દડો વારંવાર ફરિયાદીના ઘર તરફ આવતા ફરિયાદીની છોકરી નયનાબેન છોકરાઓને દડો અમારા ઘર તરફ ન ફેકવાનુ કહેતા વનિતાબેન ફરિયાદીના ઘરે આવી નયનાબેન સાથે બબાલ કરતા ફરિયાદી ગુસ્સામા આવી વનિતાબેનને કોદાળી મારી દેતા તેનો પતિ હિતેષભાઇ વલ્લભભાઇ સોલંકી ફરિયાદી પાસે આવી કોદાળી લઇ ફરિયાદીને માથામા કોદાળી મારી દિધેલ તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી તા. ૨૯/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૧/૩૦ વાગે પકડાઇ જઇ ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-118(1), 118(2), 351(3) મુજબનો ગુનો આચરેલ છે.

## 2. <u>બી.એન.એસ.એસ.ની કલમ-263 મુજબ તહોમતનામુ:</u>

આ કામના આરોપી વિરુદ્ધ ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે સમન્સ કાઢતા, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે ઉપસ્થિત રહેલ. તેને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023 ની કલમ 230 અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપ્યાની ખાતરી કર્યા બાદ તેઓ વિરુદ્ધ આંક-05 થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક-06 થી પ્લી રેકોર્ડ કરતા તેણે પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૫ અન્વયે ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ.

## 3. <u>બી.એન.એસ.એસ.ની કલમ-351 મુજબનું આરોપીનું વિશેષ નિવેદન:</u>

ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા લીધા બાદ ફરીયાદપક્ષ તરફથી પુરાવા પૂર્ણ થયા અંગે મૌખિક જાહેર કરેલ. આમ, સદર કામે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી, આમ આરોપીઓ ધ્વારા પોતાના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

## 4. <u>બી.એન.એસ.એસ.ની કલમ-352 મુજબ પક્ષકારોની દલીલો:</u>

ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલી.

## 5. <u>બી.એન.એસ.એસ.ની કલમ-393(1)(B) મુજબ પોઇન્ટસ ફોર ડીટરમીનેશન:</u>

a. આ કામે ઉભયપક્ષકારો તરફે કરવામાં આવેલી દલીલો, ફરિયાદ તથા રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતા સદર કેસના નિર્ણય માટે કરી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

i. **શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૬/૦૪/૨૦૨૫ ના કલાક-૧૯/૦૦ વાગ્યા દરમ્યાન મૌજે દેલાડગામ શિવનગર -૧ માહ્યાવંશી ફળિયુ ફરિયાદીના ઘરેની આગળ તા. કામરેજ જી.સુરત ખાતે આ કામના ફરિયાદીના ઘરની બાજુમા રહેતા વનિતાબેન હિતેષભાઇ સોલંકી ના છોકરાઓ દડે (બોલ) રમતા દડો વારંવાર ફરિયાદીના ઘર તરફ આવતા ફરિયાદીની છોકરી નયનાબેન છોકરાઓને દડો અમારા ઘર તરફ ન ફેકવાનુ કહેતા વનિતાબેન ફરિયાદીના ઘરે આવી નયનાબેન સાથે બબાલ કરતા ફરિયાદી ગુસ્સામા આવી વનિતાબેનને કોદાળી મારી દેતા તેનો પતિ હિતેષભાઇ વલ્લભભાઇ સોલંકી ફરિયાદી પાસે આવી કોદાળી લઇ ફરિયાદીને માથામા કોદાળી મારી દિધેલ તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી તા. ૨૯/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૧/૩૦ વાગે પકડાઇ જઇ ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-118(1), 118(2), 351(3) મુજબનો ગુનો આચરેલ છે ?**

ii. **શું હુકમ?**

b. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે:

i. મુદ્દા નં.1 - **નકારમાં**

ii. મુદ્દા નં.2 - **આખરી હુકમ મુજબ**

## // કા ર ણો //

- **મુદ્દા નં.1 અંગે:**

**6.** ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરૂદ્ધ શંકાથી પર (beyond reasonable doubt) પુરવાર કરવાનું હોય છે. આરોપી દોષિત છે તેવો વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ આરોપીને જ્યાં સુધી દોષી ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા સાથે અદાલતે કાર્યવાહી કરવાની હોય છે. અદાલત દ્વારા કરવામાં આવેલ આવા અનુમાનનું ખંડન ફરિયાદપક્ષે યોગ્ય, વિશ્વસનીય અને પૂરતો પુરાવો આપીને કરવાનું હોય છે. ફરિયાદપક્ષના પુરાવામાં રહી ગયેલ કોઈપણ ખોટનો લાભ બચાવપક્ષને મળે છે અને તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર થાય છે.

**7.** આ કામે આરોપીઓ વિરૂધ્ધ આંક-05 મુજબનું તોહમતનામું પુરવાર કરવા ફરિયાદપક્ષે **આંક-07 થી ફરિયાદી ખુશાલભાઇ ગોવિંદભાઇ સોલંકી** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજ રાત્રેના ૭ વાગ્યે દેલાડગામ, શીવનગર, માહ્યાવંશી ફળીયામાં મારા ઘર આગળ બનેલો અને તે સમયે તેઓ તથા તેઓની પુત્રી

નયનાબેન તેઓના ઘરે હતા અને તેઓની બાજુમાં રહેતા વનીતાબેન હીતેશભાઇ સોલંકીના છોકરાઓ બોલ રમતા હોય જે બોલ તેઓના ઘરે આવતો જેથી નયનાબેને છોકરાઓને તેઓના ઘર તરફ બોલ મારવાનું ના કહેતા વનીતાબેન તેઓના ઘરે આવીને તેઓની સાથે બોલાચાલી કરેલી. આ બોલાચાલીમાં તેઓ નીચે પડી જતા તેઓને માથામાં ઈજા થયેલી. આ સીવાય કઇ બોલેલ નહી કે કઇ બનેલ નહી. આ બનાવની તેઓએ કામરેજ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી અને તેઓએ સારવાર શ્રી સરદાર સ્મારક બારડોલી હોસ્પીટલ ખાતે કરેલી. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે, જે આંક-૦૮ થી રજુ છે. આરોપીને તેઓ ઓળખે છે.

સદર ફરિયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદીને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

વધુમાં પોતાની આરોપીઓના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં ફરીયાદી કબૂલ કરે છે કે, એ વાત ખરી છે કે, <u>બનાવ સમયે અમારે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી.</u> એ વાત ખરી છે કે, <u>આ કામના આરોપીએ અમને કોઈ ગાળો આપેલ નથી કે મારી નાખવાની ધમકી આપેલ નથી.</u> એ વાત ખરી નથી કે, સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

**8.** ફરિયાદપક્ષે **આંક-12 થી સાહેદ નયનાબેન ધર્મેશભાઇ પરમાર** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજ રાત્રેના ૭ વાગ્યે દેલાડગામ, શીવનગર, માહ્યાવંશી ફળીયામાં તેઓના ઘર આગળ બનેલો અને તે સમયે તેઓ તથા તેઓના પિતા તેઓના ઘરે હતા અને તેઓની બાજુમાં રહેતા વનીતાબેન હીતેશભાઇ સોલંકીના છોકરાઓ બોલ રમતા હોય જે બોલ તેઓના ઘરે આવતો જેથી નયનાબેને છોકરાઓને તેઓના ઘર તરફ બોલ મારવાનું ના કહેતા વનીતાબેન તેઓના ઘરે આવીને તેઓની સાથે બોલાચાલી કરેલી. આ બોલાચાલીમાં તેઓના પિતા નીચે પડી જતા તેઓને માથામાં ઈજા થયેલી. આ સીવાય કઇ બોલેલ નહી કે કઇ બનેલ નહી. આ બનાવની તેઓના પિતાએ કામરેજ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી અને તેમની સારવાર શ્રી સરદાર સ્મારક બારડોલી હોસ્પીટલ ખાતે કરેલી. તપાસ કરનારે તેઓનો જવાબ લીધેલો. આરોપીને તેઓ ઓળખે છે.

સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

વધુમાં પોતાની આરોપીઓના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં સાહેદ કબૂલ કરે છે કે, એ વાત ખરી છે કે, <u>બનાવ સમયે અમારે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી.</u> એ વાત ખરી છે કે,

<u>આ કામના આરોપીએ અમને કોઈ ગાળો આપેલ નથી કે મારી નાખવાની ધમકી આપેલ નથી</u>. એ વાત ખરી નથી કે, સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

**9.** ફરિયાદપક્ષે **આંક-13 થી સાહેદ પાર્વતીબેન ખુશાલભાઇ સોલંકી** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજ રાત્રેના ૭ વાગ્યે દેલાડગામ, શીવનગર, માહ્યાવંશી ફળીયામાં મારા ઘર આગળ બનેલો અને તે સમયે તેઓ તેઓની પુત્રી કૌષીકાના ઘરે કામરેજ હતા, તે સમયે તેઓની દીકરી નયનાબેનનો ફોન આવેલો અને તેઓને જણાવેલ કે, તેઓના પિતા ઘરે હતા અને બાજુમાં રહેતા વનીતાબેન હીતેશભાઈ સોલંકીના છોકરાઓ બોલ રમતા હોય જે બોલ ઘરે આવતો જેથી નયનાબેને છોકરાઓને તેઓના ઘર તરફ બોલ મારવાનું ના કહેતા વનીતાબેન તેઓના ઘરે આવીને તેઓની દીકરી તથા તેના પિતા સાથે બોલાચાલી કરેલી. આ બોલાચાલીમાં તેઓના પતિ નીચે પડી જતા તેમને માથામાં ઈજા થયેલી આ સીવાય કંઇ બોલેલ નહી કે કંઇ બનેલ નહી. આ બનાવની તેઓના પતિએ કામરેજ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી અને તેમની સારવાર શ્રી સરદાર સ્મારક બારડોલી હોસ્પીટલ ખાતે કરેલી. તપાસ કરનારે તેઓનો જવાબ લીધેલો. આરોપીને તેઓ ઓળખે છે.

સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

વધુમાં પોતાની આરોપીઓના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં સાહેદ કબૂલ કરે છે કે, એ વાત ખરી છે કે, <u>બનાવ સમયે અમારે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી.</u> એ વાત ખરી છે કે, <u>આ કામના આરોપીએ અમને કોઈ ગાળો આપેલ નથી કે મારી નાખવાની ધમકી આપેલ નથી.</u> એ વાત ખરી નથી કે, સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

- **<u>પૂરાવાનું મૂલ્યાંકન:</u>**

**10.** આ સિવાય ફરિયાદપક્ષ તરફે અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલ નથી. આ કામે આરોપી ઉપર **બી.એન.એસ.ની કલમ -૧૧૮(૧), ૧૧૮(૨), ૩૫૧(૩)** મુજબનો ગુનો નોંધાયો છે. હાલના કેસમાં નિષ્કર્ષ પર પહોંચવા માટે ઉપર્યુક્ત કલમો તેમજ તેના તત્વો ધ્યાને લેવા આવશ્યક છે:

**<u>બી.એન.એસ. કલમ ૧૧૮(૧) - ભયંકર હથિયારો કે સાધનો દ્વારા સ્વેચ્છાએ ગંભીર ઇજા પહોંચાડવા બાબત :</u>**

- જે કોઈ વ્યકિત કલમ-122(1) માં જણાવેલ સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાના, ભોંકવાના કે કાપવાના સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મોત

નિપજવાનો સંભવ હોય, તેવા સાધન વડે અથવા આગ કે કોઈપણ ગરમ પદાર્થ અથવા કોઈ તપાવેલા પદાર્થ વડે અથવા કોઈ ઝેર કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ વિસ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળી જવાથી માનવ શરીરને નુકશાનકારક હોય તેવા પદાર્થ વડે અથવા કોઈપણ પશુ મારફતે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા તે બંને થઈ શકે.

**<u>બી.એન.એસ. કલમ ૧૧૮(૨) - જોખમી હથિયારો કે સાધનો દ્વારા સ્વેચ્છાએ ગંભીર ઇજા પહોંચાડવા બાબત :</u>**

- જે કોઈ, કલમ 122(2) દ્વારા આપવામાં આવેલી પરિસ્થિતિને સિવાય, સ્વેચ્છાએ કોઈ પણ શૂટિંગ, સ્ટેબિંગ અથવા કાપવા માટેના સાધન, અથવા કોઈ પણ સાધન જે ગુનાની હથિયાર તરીકે ઉપયોગ કરીને મૃત્યુ પામવાની શક્યતા હોય, અથવા આગ અથવા કોઈ પણ ગરમ પદાર્થ, અથવા કોઈ પણ ઝેર અથવા કોઈ પણ જ્વલનશીલ પદાર્થ, અથવા કોઈ પણ વિસ્ફોટક પદાર્થ, અથવા કોઈ પણ પદાર્થ જે માનવ શરીરને શ્વાસમાં લેવા, ગળમાં ઉતારવા, અથવા લોહીમાં લેવા માટે નુકસાનકારક હોય, અથવા કોઈ પણ પ્રાણી દ્વારા સ્વેચ્છાએ ગંભીર ઇજા પહોંચાડે છે, તે જીવન કેદ, અથવા દસ વર્ષ સુધીની કેદ, અને દંડ માટે પણ જવાબદાર હશે.

**<u>બી.એન.એસ. કલમ ૩૫૧(૩) - ગંભીર ગુનાહિત ધાકધમકી બાબતે :</u>**

- જો કોઈ ફોજદારી ધાકધમકીનો ગુનો કરે છે તેને બે વર્ષ સુધીની મુદત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બંને સાથે શિક્ષા કરવામાં આવશે; જો ધમકી મૃત્યુ અથવા ગંભીર ઇજા પહોંચાડવાની હોય, વગેરે - અને જો ધમકી મૃત્યુ અથવા ગંભીર ઇજા પહોંચાડવાની હોય, અથવા આગ દ્વારા કોઈપણ મિલકતના વિનાશનું કારણ બને, અથવા મૃત્યુ અથવા આજીવન કેદની સજાને પાત્ર ગુનાનું કારણ બને, સાત વર્ષ સુધીની મુદત માટે કેદની સજા અથવા સ્ત્રીને અપવિત્રતાનો આરોપ લગાવવા માટે, સાત વર્ષ સુધી લંબાવવામાં આવતી મુદત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બંને સાથે સજા કરવામાં આવશે.

આ કલમના ઉતરાર્ધમાં જે પ્રકારની ધમકીની વિગત આપવામાં આવી છે તે ગુનાહિત ધમકી ગંભીર પ્રકારની ગણાય અને તે કારણે વ્યકિતની ભયની માત્રા વધી જાય. મૃત્યુ, મહાવ્યથા, આગથી મિલકતનો નાશ કરવો કે ગંભીર પ્રકારનો ગુનો કરવો તે અંગેની ધમકી સાથે કોઇ સ્ત્રીને તેની ચારિત્રય હિનતા માટે આક્ષેપ મુકવામાં આવશે તેને પણ આવરી લેવામાં આવેલ છે. અને ઉતરાર્ધ મુજબના ગુના સમાધાન ન કરી શકાય તે પ્રકારના ગુના ગણવામાં આવે છે.

**11.** આમ, ઉપર્યુક્ત કાયદાકીય જોગવાઈઓ, તેનો અર્થ તેમજ તેના આવશ્યક તત્વોને હાલના કેસની હકીકત સાથે તેમજ તેના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સાથે સરખાવી ન્યાયિક નિર્ણય પર પહોંચવું જરૂરી છે.

**12.** આ કામે તપાસાયેલ PW-1 જે પોતે ઇજા પામનાર સાહેદ છે, તેણે ફરીયાદપક્ષની હકીકતને સમર્થનકારી જુબાની આપેલ નથી. તેમના જણાવ્યા મુજબ બનાવ સમયે ફકત બોલાચાલી થયેલી, તે સિવાય કોઈ મારપીટ કે ગાળાગાળી થયેલ નહિ. આ કામે ઇજા પામનારનું મેડીકલ સર્ટીફીકેટ આંક-૧૦ થી રજુ છે, પરંતુ ઇજા પામનારે પોતે આરોપીઓ વિરૂધ્ધ પુરાવો આપેલ નથી. તેમજ તેઓએ પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તેમજ આરોપીએ તેઓને કોઇ ગાળો આપેલ નથી કે મારી નાંખવાની ધમકી આપેલ નથી. આ સંજોગોમાં પણ જયારે ફરીયાદી પોતાની જુબાનીમાં પોતે નીચે પડી જવાથી ઇજા થયેલ હોવાની હકીકત જણાવતા હોય ત્યારે તેણે ડોકટર રૂબરૂ આપેલ હિસ્ટ્રી ખરી અને સાચી માનવી તે યોગ્ય જણાતું નથી, જેથી આ કામે PW-1 નાઓના પુરાવા પરથી આરોપીને સાંકળતો પુરાવો આ કામે તપાસેલ નથી, જેથી આરોપીને **બી.એન.એસ.ની કલમ 118(1) અને 118(2)** અન્વયે તકસીરવાન ઠેરવી શકાય તેવો પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

**13.** તેમજ આ કામે તપાસાયેલ PW-2 અને PW-3 નાઓએ ફરીયાદપક્ષની હકીકતને સમર્થનકારી જુબાની આપેલ નથી. તેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે, બનાવ સમયે તેઓની પત્ની નીચે પડી જવાથી ઇજા થયેલ છે તેમજ તેઓને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ અને આરોપીએ તેઓને કોઇ ગાળો આપેલ નથી કે મારી નાખવાની ધમકી આપેલ નથી, જેથી આ કામે PW-2 અને PW-3 નાઓનો પુરાવો ધ્યાને લઇ આરોપીને સાંકળતો કોઇ પુરાવો રેકર્ડ પર લાવેલ નથી, જેથી આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહિ.

**14.** આરોપીઓ સામે જયારે બી.એન.એસ.ની કલમ-351(3) મુજબનુ તહોમત છે. પરંતુ ફરીયાદપક્ષે આ ગુનો પુરવાર કરવા માટે આરોપીઓ ધ્વારા ચોકકસ કયા શબ્દો બોલાયેલા હતા અને આવા શબ્દો અને ધમકીના કારણે ફરીયાદી ભોગબનનાર તાતકાલિક મૃત્યુના ભય હેઠળ આવી ગયા હતા તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. જો ફરીયાદપક્ષ આવી હકીકતો પુરવાર કરી ન શકે તો કલમ- 351(3) નો ગુનો પુરવાર માની શકાય નહી.

**15.** વધુમાં, બી.એન.એસ.ની કલમ 351(3) તે ઇ.પી.કો કલમ 506(2) ને સંલગ્ન જોગવાઈ છે. આ સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટે **Jivanbhai Devjibhai Bhogayata Versus Mohanbhai Purshottam Mokariya Brahmin**[1]ના ચુકાદામાં નીચે મુજબના આવશ્યક તત્વો પ્રસ્થાપિત કરેલ છે:

[1] 2015 JX (Guj.) 232

> *“**16.** The essential ingredients The offence of criminal intimidation has been defined under Section 503 I.P.C and Section 506 I.P.C provides punishment for it.*
>
> *Section 503 reads as under:- "Whoever threatens another with any injury to his person, reputation or property, or to the person or reputation of any one in whom that person is interested, with intent to cause alarm to that person, or to cause that person to do any act which he is not legally bound to do, or to omit to do any act which that person is legally entitled to do, as the means of avoiding the execution of such threats, commits criminal intimidation.*
>
> *Explanation: A threat to injure the reputation of any deceased person in whom the persons threatened is interested, is within this section. An offence under Section 503 has following essentials: 1. Threatening a person with any injury; (i) to his person, reputation or property; or (ii) to the person, or reputation of any one in whom that person is interested.*
>
> *2. The threat must be with intent;*
> *(i) to cause alarm to that person; or (ii) to cause that person to do any act which he is not legally bound to do as the means of avoiding the execution of such threat; or (iii) to cause that person to omit to do any act which that person is legally entitled to do as the means of avoiding the execution of such threat.*
>
> ***17.** A bare perusal of Section 506 of the I.P.C. makes it clear that a part of it relates to a criminal intimidation. Before an offence of criminal intimidation is made out, it must be established that the accused had an intention to cause alarm to the complainant.”*

**16.** આમ ઉપરોકત ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે ઠરાવ્યા મુજબ જ્યારે આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ 351(3) મુજબના ગુનાનુ તહોમત હોય ત્યારે ફરીયાદપક્ષે માત્ર આરોપીઓ ધ્વારા બોલાયેલા શબ્દો જ પુરવાર કરવા જરૂરી નથી પરંતુ આવા શબ્દો અને ધમકીને કારણે ફરીયાદી તથા ભોગબનનાર તાતકાલિક ભય હેઠળ આવી ગયા હતા અને તેઓના મનમાં ચોકકસ રીતે મૃત્યુનો ડર પેદા થઇ ગયેલ તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જોઇએ, માત્ર બોલાયેલા શબ્દોથી ગુનાહીત ધમકી હતી તેવુ પુરવાર થઈ શકે નહી. આ કામે ફરીયાદીપક્ષે રજુ થયેલ પુરાવા તેમજ ફરીયાદીની જુબાની પરથી એવું ફલિત થતું નથી કે આરોપીઓએ આપેલ ધમકીના લીધે ફરીયાદી તેમજ સાહેદ સતત ડરમાં રહેતા હોય કે તેમના મનમાં ગંભીર ઇજા કે મૃત્યુ થવાનો ભય રહેલો હોય. જેથી, તે મુજબનો લેશમાત્ર પુરાવો રેકોર્ડ પર આવેલ ન હોય આરોપીને **બી.એન.એસ.ની કલમ 351(3)** હેઠળ તકસીરવાન ઠેરવી શકાય નહિ.

**17.** આમ ફરિયાદપક્ષે આરોપીઓ સામે બી.એન.એસ.કલમ - ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૫૧(૩) મુજબનો ગુનો સચોટ રીતે પુરવાર કરવામાં સફળ નીવડેલ નથી. જેથી ઉપરોકત હકીકત ધ્યાને લેતા ફરીયાદપક્ષે આરોપીઓ સામે જે તહોમત ફરમાવેલ છે, તે મુજબનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ "નકારમાં" આપી અને મુદ્દા નં. ૨ નો જવાબ નીચે મુજબ આખરી હુકમ અનુસાર આપવામાં આવે છે:

**// આ ખ રી હુ ક મ //**

1. આ કામના આરોપી હિતેશભાઇ વલ્લભભાઇ સોલંકી, રહે. દેલોડગામ, શિવનગર-૧, માહ્યાવંશી ફળિયું, તા.કામરેજ, જી.સુરત વાળાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૫૧(૩) મુજબના આક્ષેપિત ગુનામાંથી શંકાનો લાભ આપી **નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો આદેશ આપવામાં આવે છે.

2. આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ મુજબ અપીલ સમય સુધીના રૂ. 10,000/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના પ્રત્યેક આરોપી દીઠ જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

3. સદરહુ હુકમ આરોપીની ગેરહાજરીમાં તેમના વિ.વ.શ્રીની હાજરીમાં બી.એન.એસ.એસ.ની કલમ-૩૯૨(૬) મુજબ આજરોજ જાહેર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. **૨૦** [મી] માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** **20/04/2026**
**સ્થળ:** **સુરત**

**(સ્વપ્નિલ કે. ફટાણીયા)**
**જ્યુડી. મેજી.ફ.ક., કઠોર**
**Judge Code - GJ01769**

ગુજરાતી સ્ટેનોગ્રાફર
કે. જી. વેકરીયા